* D E E - 0 0 1 - 0 0 1 5 2 5 *

# DEE-001-001525

Seat No. ________

## B. A. (Sem. V) (CBCS) Examination

**April / May – 2015**

## Gujarati : Paper - C.C.T. - XIV

*(Navalkatha Swarup Ane Vikas)*

**Faculty Code : 001**
**Subject Code : 001525**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) પ્રશ્ન નંબર-1 (M.C.Q.) પ્રશ્નોના જવાબ તમારી મુખ્ય ઉત્તરવહીમાં જ આપવાના છે.

(૨) **જમણી** બાજુ દર્શાવેલ અંક ગુણ દર્શાવે છે.

(૩) બધા જ પ્રશ્નોના ઉત્તર **ફરજિયાત** છે.

### વિભાગ - ૧

૧ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો : ૨૦

(૧) ઉદ્દેશલક્ષી નવલકથામાં કયું તત્ત્વ મહત્ત્વનું છે ?

(A) ડહાપણ (B) પાત્રો

(C) જીવન (D) જીવનદર્શન

(૨) નંદશંકર તુળજાશંકર મહેતાએ ''કરણઘેલો'' નવલકથા ક્યારે લખી હતી ?

(A) ઈ.સ. 1887 (B) ઈ.સ. 1987

(C) ઈ.સ. 1886 (D) ઈ.સ. 1986

(૩) નવલકથામાં ક્રિયાનું મૂર્તરૂપ એટલે કયું તત્ત્વ છે ?

(A) કથાવસ્તુ (B) વસ્તુ સંકલના

(C) સંવાદ (D) અભિનય

(૪) નવલકથાની ઈમારતમાં કયું તત્ત્વ પાયારૂપ હોય છે ?

(A) કથન કેન્દ્ર (B) વર્ણનકલા

(C) પ્લોટ (D) સંકલન

(૫) નવલકથા ''પોકેટ થિયેટર'' છે એવું કોણ કહે છે ?

(A) ક્રેફર્ડ (B) શેવેલી

(C) ટોલ્સટોય (D) ટાગોર

(૬) ''લા મિઝરેબલ'' નવલકથાના લેખક કોણ છે ?

(A) પાસ્તરનાક (B) વિક્ટર હ્યુગો

(C) એરિસ્ટોટલ (D) જોયસ

(૭) ગ્રામ્ય પરિવેશને પ્રગટ કરતી નવલકથાને શું કહે છે ?

(A) દેશી (B) ગામઠી

(C) જાનપદી (D) તળપદી

(૮) ''ન હન્યતે'' નવલકથાની લેખિકા કોણ છે ?

(A) ધીરૂબહેન પટેલ (B) સરોજ પાઠક

(C) કાજલ ઓઝા વૈદ્ય (D) મૈત્રેયી દેવી

(૯) નીચેનામાંથી કઈ નવલકથા ચંદ્રકાન્ત બક્ષીની નથી ?

(A) અસ્તિ (B) આકાર

(C) પેરેલિસિસ (D) એક ને એક

(૧૦) જાતિયતાનું આલેખન કરતી નવલકથા કઈ છે ?

(A) નિશાચક્ર (B) પૂર્વરાગ

(C) મળેલા જીવ (D) અનંગરાગ

(૧૧) પર્સીલબક નવલકથા માટે કયો શબ્દ પ્રયોજે છે ?

(A) વર્ણનચિત્ર (B) શબ્દચિત્ર

(C) સંવાદ (D) વર્ણનકલા

(૧૨) 'ધીમુ અને વિભા' નવલકથાના લેખક કોણ છે ?

(A) કિશોર જાદવ (B) મડિયા

(C) પન્નાલાલ (D) સુરેશ જોશી

(૧૩) ''સધરા જેસંગનો સાળો'' કયા પ્રકારની નવલકથા છે ?

(A) ઐતિહાસિક (B) સામાજિક

(C) કટાક્ષપ્રધાન (D) જાનપદી

(૧૪) ''ધ કેસલ''ના લેખક કોણ છે ?

(A) કામ (B) પાસ્તરનાક

(C) કાફકા (D) સોલબેલોની

(૧૫) નીચેનામાંથી કઈ નવલકથા નારી સંવેદનાને કેન્દ્ર બનાવે છે ?

(A) વડવાનલ (B) અશ્રુઘર

(C) આકાશનો એક ટૂકડો (D) સાત પગલાં આકાશમાં

(૧૬) નીચેનામાંથી કઈ નવલકથા હરીન્દ્ર દવેની નથી ?

(A) ગાંધીની કાવડ (B) અગનપંખી

(C) માધવ ક્યાંય નથી (D) યુગેયુગે

(૧૭) પાત્રો ક્રિયાના પ્રતિક તરીકે આવે તે કયા પ્રકારની નવલકથા છે ?

(A) નાટ્યાત્મક (B) રોમેન્ટિક

(C) સામાજિક (D) ક્રિયાપ્રધાન

(૧૮) ગુજરાતી નવલકથાની પ્રથમ હાસ્યરસિક નવલકથા કઈ ?

(A) ભદ્રંભદ્ર (B) વનેચંદ

(C) થિયેટ (D) ચહેરા

(૧૯) નીચેનામાંથી કઈ નવલકથા દલિત નવલકથાનું આરંભબિંદુ છે ?

(A) માવતર (B) આંગળિયાત

(C) મળેલા જીવ (D) ગાંધીની કાવડ

(૨૦) ''યુગમૂર્તિ વાર્તાકાર'' વિશેષણ કોના માટે પ્રયોજાય છે ?

(A) દર્શક (B) પન્નાલાલ પટેલ

(C) ર. વ. દેસાઈ (D) ઉમાશંકર જોશી

## વિભાગ - ૨

૨ ''નવલકથા એ ખિસ્સામાં રહેલું ચલચિત્ર છે'' આ વિધાનને લક્ષમાં લઈ સાહિત્ય સ્વરૂપે નવલકથાના લક્ષણોની ચર્ચા કરો. ૧૦

**અથવા**

૨ નવલકથાની સંજ્ઞા સ્પષ્ટ કરી નવલકથાનું સ્વરૂપ સમજાવો. ૧૦

૩ ગુજરાતી નવલકથાનો ઉદ્ભવ અને વિકાસ આલેખો. ૧૦

**અથવા**

૩ ગુજરાતી નવલકથાના વિવિધ પ્રકારો સમજાવો. ૧૦

૪ (અ) કોઈ પણ **એક** ટૂંકનોંધ લખો : ૮

(૧) લાંબી નવલિકા, લઘુ નવલકથા અને નવલકથા વચ્ચેની ભેદરેખા

(૨) ગુજરાતી નવલકથામાં પ્રયોગશીલતા.

(બ) કોઈ પણ **એક** ટૂંકનોંધ લખો : ૮

(૧) અદ્યતન નવલકથા પ્રયોગો

(૨) ગુજરાતી નવલકથાની ભાષા.

૫ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : (કોઈ પણ **બે**) ૧૪

(૧) ગુજરાતી નવલકથામાં સમકાલીન જીવનરંગો

(૨) ગુજરાતી અસ્તિત્વવાદી નવલકથાઓ

(૩) ગુજરાતી સમસ્યાપ્રધાન નવલકથાઓ

(૪) નવલકથાનું શીર્ષક.